## જન્મદિને વધામણી



એલ ટી બોરા
પૂર્વ ક્રિકેટર, ગાયક
મો. ૯૯૨૫૫ ૯૫૧૪૮



રચના બી રાવલ



કરુણા અનિલકુમાર બોરા
મો. ૯૪૦૯૪ ૦૮૩૫૪



રિગ્વેદ સંદીપ જગતાપ
મો. ૯૮૭૯૮ ૦૭૩૧૧



મોક્ષ રાજપૂત
મો. ૯૯૦૯૯ ૪૮૩૫૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# શિક્ષણ સ્કૉલરશીપ પરીક્ષામાં જે બી પ્રાથમિક શાળા ઝળકી



ગુજરાત રાજ્ય પરીક્ષા બૉર્ડ દ્વારા માધ્યમિક શિક્ષણ સ્કૉલરશીપ પરીક્ષા લેવામાં આવી હતી, જેમાં સર્વ વિદ્યાલય મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્કૉલરશીપ પરીક્ષા આપી હતી. જેમાંથી શાળાના ત્રણ વિદ્યાર્થી - દિવ્યરાજસિંહ એન. વિહોલ, પૂર્વાધસિંહ જે વિહોલ અને ઝીન્નત કે ગામેતીએ પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી સ્કૉલરશીપ મેળવી છે અને શાળા તથા ગાંધીનગરનું નામ રોશન કર્યું છે. માધ્યમિક શિક્ષણ સ્કૉલરશીપ પરીક્ષા પાસ કરનાર ત્રણેય વિદ્યાર્થીઓને શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં સેવાકાર્ય





ગાંધીનગર શહેરની જાણીતી સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાજેતરમાં દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં કુલ પાંચ ગામનાં ૧૧૮ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ભાટાઈમાં ૬ લાભાર્થીઓને પણ આ લાભ આપવામાં આવ્યો હતો. દશરથભાઈ પરમાર, મિલિન્દભાઈ તથા યોગેશભાઈ આ સેવાકાર્યમાં સંસ્થા તરફથી જોડાયા હતા.

### ડિપ્લોમા એન્જિનિયરિંગમાં પણ હવેથી

# બે વિષયમાં પુનઃ મૂલ્યાંકન કરાવી શકાશે

### ડિપ્લોમા- ડિગ્રીમા પહેલું સેમેસ્ટર પાસ હશે તો ત્રીજામાં અને બીજું પાસ હશે તો ચોથામાં જવા દેવાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)માં બુધવારે મળેલી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં ડિપ્લોમા ઈજનેરી કોલેજમાં પહેલી વખત એસેસમેન્ટ આપવાનુ નક્કી કરાયું હતું. અત્યાર સુધી વિદ્યાર્થીઓ ડિપ્લોમા ઈજનેરીમાં માત્ર રિ-ચેકિંગ કરાવી શકતાં હતા. હવે બે વિષયમાં પુનઃમૂલ્યાંકન એટલે કે રિ-એસેસમેન્ટ પણ કરાવી શકશે. આ ઉપરાંત ડિપ્લોમાં અને ડિગ્રી એન્જિનિયરિંગમાં પણ હવે વિદ્યાર્થીઓએ પહેલું સેમેસ્ટર પાસ કર્યુ હશે તો જ ત્રીજા સેમેસ્ટરમાં જઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ડિપ્લોમા ઈજનેરીમાં અત્યાર સુધી વિદ્યાર્થીઓને પરીક્ષા આપ્યા પરિણામમાં કોઈ શંકા ઊભી થાય તો તેઓ માત્ર રિ-ચેકિંગ કરાવી શકતાં હતા. સૂત્રો કહે છે રિ-ચેકિંગમાં માત્ર ઉત્તારવહીના પહેલા પેજ પર અધ્યાપકોએ આપેલા માર્કસમા કોઈ ગરબડ નથી તેની ચકાસણી થતી હોય છે. એટલે કે ઉત્તારવહીની અંદર કોઈ ભૂલ હોય તો તેને તપાસવામાં આવતી નહોતી.

લાંબા સમયથી ડિપ્લોમા ઈજનેરીમાં પણ પુનઃમૂલ્યાંકન આપવું જોઈએ તેવી માંગણી ઉઠવા પામી હતી. પુનઃમૂલ્યાંકનમાં વિદ્યાર્થીની ઉત્તારવહી અન્ય અધ્યાપક પાસે ફરીવાર ચકાસવામાં આવે છે. અગાઉ જે માર્કસ આપવામાં આવ્યા છે તે અને નવેસરથી મૂલ્યાંકનમાં જે માર્કસ મળ્યા હોય તે બન્ને વચ્ચે ૨૦ ટકાનો ડીફરન્સ આવે તો વધારાના માર્કસ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.ગઈકાલે મળેલી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં આ અંગે નિર્ણય કરવામાં આવ્યો હતો. જેમાં હવે ડિપ્લોમા ઈજનેરીમાં વિદ્યાર્થીઓ કોઈપણ બે વિષયમાં પુનઃમૂલ્યાંકન કરાવી શકશે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ડિપ્લોમા ઈજનેરીમાં વિદ્યાર્થીઓ ગમે તેટલા વિષયમાં નાપાસ થાય તો તેને આગળના સેમેસ્ટરમા મોકલી આપવામાં આવતાં હતા. હવે પછી પહેલું સેમેસ્ટર પાસ કર્યુ હોય તેવા વિદ્યાર્થીઓને જ ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ આપવામાં આવશે. જયારે બીજું સેમેસ્ટર પાસ કર્યું હોય તેવા વિદ્યાર્થીઓને ચોથા સેમેસ્ટરમાં પ્રવેશ આપવામાં આવશે. એટલે કે હવે વિદ્યાર્થીઓ પહેલા બે સેમેસ્ટર પાસ કર્યા હોય તો જ આગળના સેમેસ્ટરમાં જઈ શકશે. આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીની જેમ હવે જીટીયુ દ્વારા પણ દરેક વિષયની એટીકેટીની પરીક્ષા લેવાના બદલે પહેલા અને ત્રીજા સેમેસ્ટર અને બીજા અને ચોથા સેમેસ્ટરની પરીક્ષા એકસાથે લેવામાં આવશે.

# રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં પણ હવે ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન

### વૅકેશન ૧ મેના બદલે ૭ મેથી શરૂ થશે અને ૪ જૂનના રોજ પૂર્ણ થવાનું હતું, તેના બદલે હવે ૧૦ જૂન સુધી ચાલશે

ગાંધીનગર, તા. ૬

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ઉનાળુ વેકેશન એક સપ્તાહ મોડું કરવાના નિર્ણય બાદ પ્રાથમિક સ્કૂલોમાં પણ ઉનાળુ વેકેશન મોડું કરવાનો નિર્ણય લેવાયો છે. પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા પરિપત્ર કરી રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં પણ હવે ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન ૧ મેના બદલે ૭ મેથી શરૂ થશે અને ૪ જૂનના રોજ પૂર્ણ થવાના બદલે હવે ૧૦ જૂન સુધી ચાલશે. એક જ વાલીના બાળકો પ્રાથમિક અને માધ્યમિક એમ બંનેમાં અભ્યાસ કરતા હોય ત્યારે માધ્યમિકમાં ઉનાળુ વેકેશનમાં ફેરફાર કરાતા પ્રાથમિકમાં પણ તે પ્રમાણેનો ફેરફાર કરાયો છે..

પ્રાપ્ત માહિતી અનુસાર તાજેતરમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શૈક્ષણિક સમિતિની બેઠક મળી હતી. જેમાં રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ઉનાળુ વેકેશનમાં ફેરફાર કરાયો હતો..

બોર્ડ દ્વારા જાહેર કરાયેલા વાર્ષિક શૈક્ષણિક કેલેન્ડર પ્રમાણે ૧લી મેથી ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું હતું અને ૪ જૂન સુધી રહેનાર હતું. પરંતુ બોર્ડે તેમાં ફેરફાર કરી હવે ૭ મેથી વેકેશન શરૂ થશે અને ૧૦ જૂન સુધી રહેશે તેવી જાહેરાત કરી હતી. આમ ઉનાળાના તાપને ધ્યાનમાં રાખીને શાળાઓ એક સપ્તાહ મોડી શરૂ કરવામાં આવશે. રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ઉનાળુ વેકેશન મોડું જાહેર કરાયા બાદ હવે રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં પણ આ પ્રમાણેનો ફેરફાર કરાયો છે. જેમાં રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં પણ ૭મેથી વેકેશન શરૂ થશે અને ૧૦ જૂન સુધી ચાલુ રહેશે. પ્રાથમિક શિક્ષણ નિયામકે આ અંગે કરેલા પરિપત્રમાં જણાવ્યું છે કે, પ્રાથમિક અને માધ્યમિકમાં ઉનાળુ વેકેશનની તારીખ એક સમાન રહે તે માટે આ ફેરફાર કરવામાં આવ્યો છે.

# બાર કાઉન્સિલની પુનઃચૂંટણી શાંતિપૂર્ણ

ગાંધીનગર, તા. ૬

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી અમદાવાદમાં શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી.જેમાં ૬૧૩૯ વકીલોએ મતદાન કર્યું હતું. રિ ઈલેકશનમાં તોફાન થવાની દહેશત આઈબીએ વ્યક્ત કરી હતી. જો કે, શાંતિપૂર્ણ રીતે મતદાનની કામગીરી થતા વકીલો અને બાર કાઉન્સિલે રાહતનો શ્વાસ લીધો હતો. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં સેશન્સ કોર્ટ ખાતે યોજવામાં આવી હતી. આ વખતે ચૂંટણીમાં માથાકુટ થવાની દહેશત હોવાને કારણે પહેલાંથી જ સઘન પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરા ગોઠવી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત બાઉન્સરો પણ જુદી જુદી જગ્યાએ ગોઠવી દેવામાં આવ્યા હતા. મતદાન કરવા સવારથી જ વકીલો મતદાન કરવા ઊમટી પડ્યા હતા.જો કે, આ વખતે વકીલોના નામ વેરિફાઈ માટેના ટેબલ વધુ હોવાથી વકીલોની ભીડ પણ જામી ન હતી અને શાંતિપૂર્ણ રીતે લોકોએ મતદાન કર્યું હતું. આ અંગે ચૂંટણી કમિશનર ૨૬મીન જાનીએ જણાવ્યું હતું કે, શાંતિપૂર્ણ રીતે મતદાન થયું હતુ અને વકીલોએ પણ સારો સાથ સહકાર આપ્યો છે. અત્યારે ૧૧૯૦૦ વકીલોમાંથી ૬૧૩૯ વકીલોએ મતદાન કર્યું હતું. મતપત્રો હાઈકોર્ટ સુરક્ષિત રીતે લઈ જવામાં આવ્યા છે અને હવે ૭મીના રોજ હાઈકોર્ટ ખાતે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે.

# મેડિકલ-ઈજનેરી અને વિદેશ અભ્યાસ માટે ૪ ટકાના વ્યાજ દરે સોફ્ટ લોનની વિચારણા

ગાંધીનગર, તા. ૬

બિન અનામત વર્ગમાં આવતા યુવાનો અને વિદ્યાર્થીઓને લાભ થાય તેવી ૨૦ જેટલી યોજનાઓ પર બિન અનામત વર્ગ નિગમની બેઠકમાં વિચારણા કરાઈ છે. જેમાં ઉચ્ચ અભ્યાસમાં ભણતા વિદ્યાર્થીઓ અને વિદેશ જતા વિદ્યાર્થીઓને સહાય કે સોફ્ટ લોન મળી શકે તે માટે આયોજન કરાશે. અનામતનો લાભ મળતો નથી તેવા આર્થિક નબળા વર્ગમાં ૬ લાખની વાર્ષિક આવક મર્યાદામાં આવતા હોય તેવા યુવાનોને નિગમની જે યોજનાઓ નક્કી થાય તેનો લાભ આપવામાં આવશે.

પાટીદાર અનામત આંદોલન બાદ સરકારને બિન અનામત વર્ગના લોકોને પણ લાભ આપી શકાય તેવું આયોગ અને નિગમ રચવાની ફરજ પડી છે. આયોગની કચેરી શરૂ થયા બાદ ડે. સીએમ નીતિન પટેલ, નિગમના ચેરમેન બી.એચ. ઘોડાસરા અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિતિમાં નિગમની બેઠક યોજાઈ હતી. જેમાં ખાસ કરીને વિદ્યાર્થીઓ તથા યુવાનોને કેવી રીતે લાભ આપી શકાય તેની અલગ અલગ યોજનાઓ પર વિચારણા કરાઈ હતી. જેમાં હાલ મેડિકલ, એન્જિનિયરીંગ, વિદેશ અભ્યાસ ઉપરાંત સ્વરોજગારી માટે ૪ ટકાના વ્યાજે સોફ્ટ લોન આપવા ચર્ચા થ?વા પામી હતી. નિગમને ૫૦૬ કરોડ રૂપિયાની ફાળવણી કરી દેવાઈ છે ત્યારે તેનો ઉપયોગ ઉચ્ચ અભ્યાસ ક્રમ ઉપરાંત યુવાનોને રોજગારી અપાવવામાં કેવી રીતે મદદરૂપ બને તેની પણ વિચારણા થઈ હતી. નિગમના ચેરમેન બી.એચ. ઘોડાસરાએ જણાવ્યું હતુ કે, આગામી સમયમાં નિયમો અને યોજનાઓ નકકી કરી દેવામાં આવશે. મેડિકલ-ઈજનેરી, આઈઆઈએમ, આઈઆઈટી વિગેરેમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને કેવી રીતે સહાય આપવી તે નક્કી કરાશે. તે સાથે ગુજરાતમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વિદેશ જાય છે તેમને પણ સહાય અથવા સોફ્ટ લોન આપવામાં આવશે.

# ‘સદાબહાર’ની પ્રસ્તુતિ એટલે શિવરંજની દ્વારા શુદ્ધ, સાત્ત્વિક અને સ્વાદિષ્ટ વ્યંજનોનો સૂર-થાળ





માર્ચ મહિનો એટલે ગ્રીષ્મનું ધીમે પગલે આગમન, વાતાવરણમાં ગરમીની શરૂઆત. વર્ષ દરમ્યાન આપણા સૌને મનોરંજન પીરસતી અનેક અગ્રણી સંસ્થાઓ માટે પણ ક્રિકેટની છેલ્લી ઓવર જેવો આ માસ હોય છે. મનોરંજનના સ્તરે ખૂબ સારામાં સારુ જોવા - સાંભળવા અને અનુભવવાનો અવસર પ્રાપ્ત થાય છે.

કલા અને સંગીતને વરેલી ગાંધીનગરની જાણીતી અને માનીતી સંસ્થા શિવરંજની તેના આગવા કાર્યક્રમો માટે એક ખાસ અને બહોળો શ્રોતા વર્ગ ધરાવે છે. સૌને વિદિત છે એ મુજબ કાર્યક્રમના આયોજન અને પ્રસ્તુતિ બંને સમયે ટીમ શિવરંજની દ્વારા ખૂબ જ ચીવટ અને ચોકસાઈ સાથે સુરુચી ભંગ ન થાય એનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવે છે વર્ષો જૂની આ શિવરંજની સંસ્થા દ્વારા આ વખતે પણ કાર્યક્રમ સદાબહાર ની પ્રસ્તુતિ ફિલ્મી ગીત - સંગીત અને નૃત્યોનો રસથાળ બની રહી.

સંગીત ક્ષેત્રે ખૂબ જ અનુભવી અને નામના ધરાવતા અનિકેત ખાંડેકર, દક્ષા ગોહિલ, હસિત વોરા, નયના શર્મા, અભિજાત રાવ અને સોનીક સુથાર જેવા કલાકારોના કાફલા દ્વારા જુના-નવા ગીતોની રસલ્હાણથી ઓડિટોરિયમમાં સંગીતની બહાર સર્જાઈ.

કાર્યક્રમ ની શરૂઆત ઝુક ગયા આસમાન ફિલ્મના ગીત કૌન હૈ જો સપનોં મેં આયા...ની સુંદર પ્રસ્તુતિ દ્વારા કરવામાં આવી.... સિનીયર આર્ટીસ્ટ વૉઈસ ઑફ લતા દક્ષા ગોહિલ દ્વારા મેરી સુરત તેરી આંખે ફિલ્મનું તેરે ખ્યાલો મે હમ તેરી હી બાહો મે હમ... રજુ થયું. મન્નાડે દ્વારા ગવાયેલ પૂછો ન કૈસે મૈ ને રૈન બીતાઈ ગીતની પ્રસ્તુતિ સંગીત ક્ષેત્રના સન્માનીય કલાકાર અનિકેત ખાંડેકરજી દ્વારા થઈ. ત્યારબાદની નવી કૃતિઓમાં માનીતી કૃતિ યે મોહ-મોહ કે ધાગે નયના શર્મા દ્વારા પ્રસ્તુત થયું, જેણે ખુબ દાદ પણ મેળવી. વૉઈસ ઓફ મુકેશ, અમદાવાદના પૂર્વ મેયર તેમજ અદના કલાકાર હસિત વોરા દ્વારા હોલી આઈ રે ફિલ્મનું ગીત મેરી તમન્નાઓ કી તકદીર તુમ સંવાર દો પ્રસ્તુત થયું. દક્ષા ગોહિલ સાથે ફિલ્મ મિલનના સાવન કા મહીના ગીત પણ લોકોએ ખુબ માણ્યું. નવી પેઢીના આશાસ્પદ યુવા ગાયક સોનીક સુથાર દ્વારા આતિફ અસલમ દ્વારા ગવાયેલ ફિલ્મ રૂસ્તમનું કરમ ખુદાયા હે... ગીત પ્રસ્તુત થયું ત્યારે બેસ્ટ મેલ સિંગર - ફિલ્મ ફેર એવોર્ડ વિનર આતિફ અસલમને પણ યાદ કરવામાં આવ્યા.

ફિલ્મ કારવાંનું સ્વીટ રોમેન્ટીંગ સોંગ કીતના પ્યારા વાદા હૈ ઈન મતવાલી આંખો કા..ની અભિજાત રાવ - દક્ષા ગોહિલ દ્વારારા સુંદર પ્રસ્તુતી થઈ. ગુલઝાર સાહેબ દ્વારા રચિત અને ઈલીયારાજાનું સંગીત નિર્દેશન, સુરેશ વાડકરજી દ્વારા ગવાયેલ ફિલ્મ સદમાનું ગીત એ જીંદગી ગલે લગા લે..... અનિકેત ખાંડેકરના અવાજમાં પ્રસ્તુત થયું ત્યારે સંમોહિત શ્રોતાઓ સ્વ..શ્રીદેવીજીના અભિનયને પણ મનોમન બિરદાવી શ્રદ્ધાંજલી આપી રહયા. ફિલ્મ લીડરનું રાગ આધારીત ગીત એક શહેનશાહ ને બનવા કે હસીન તાજમહલ, નયના શર્મા - અનીકેત ખાંડેકર દ્વારા પ્રસ્તુત થયું ત્યારે પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી એમને વધાવી લીધા. ૭૦ના દાયકાની મશહુર ફિલ્મ કભી કભીનું સાહીર લુધિયાનવી લિખીત ટાઈટલ ગીત હસિત વોરાના અવાજમાં પ્રસ્તુત થયું ત્યારે સૌ શ્રોતાગણ સાથે ગુનગુનાવ્યા વિના ન રહી શકયા. ત્યારબાદ સોનીક સુથાર દ્વારા મૈ તેનું સમજાવાં કી.. તેમજ ના જા કહીં અબ ન જા... બે ગીતની પ્રસ્તુતિ થઈ. દિલને ફીર યાદ કિયાનું શીર્ષક ગીત હસીત વોરા અભિજાત રાવ અને દક્ષા ગોહિલ દ્વારા પ્રસ્તુત થયું.

અભિજાત રાવ ના મસ્તીભર્યા અંદાજમાં ફિલ્મ અસલી નકલીના ગીત છેડા મેરા દિલ ને તરાના તેરે પ્યાર કા...ની રજુઆતથી વાતાવરણમાં તાજગી છવાઈ ત્યારબાદ અનેક લોકોના દિલની નજીક એવું ફિલ્મ મૌસમનું ગીત દિલ ઢુંઢતા હૈ ફીર વહી...ની ખાંડેકરજીના અવાજમાં પ્રસ્તુતી ખુબ જ પ્રશંસા પામી. ઓરીજનલી ૧૯૭૫ની સાલમાં ભુપીન્દરસીંગના અવાજમાં ગવાયેલ આ ગીતને બેસ્ટ લિરીસિસ્ટનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

અનિકેતજી તેમજ નયના શર્મા દ્વારા પ્રસ્તુત ફિલ્મ સુવર્ણ સુંદરીનું ગીત કુહુ કુહુ બોલે કોયલીયા...ને શ્રોતાઓએ ખુબ વખાણ્યું. ૧૯૭૦ના દાયકામાં સંગીતકાર શંકર - જય કીશન દ્વારા સંગીતબદ્ધ ફિલ્મ સંગમના ગીત ઓ મેરે સનમ.....ની નયના શર્મા હસીત વોરા દ્વારા સુંદર રજુઆત થઈ.

આ ઉપરાંત લતાજીના અવાજમાં ગવાયેલ એક માત્ર કેબ્રે ડાન્સ સોંગ આ જાનેંજા, મુઝે કીતના પ્યાર હૈ તુમસે , જગ ધુમીયા થારે જૈસા ના કોઈ... જેવા લોકપ્રિય ગીતોની રજુઆત થઈ.

કાર્યક્રમની સમાપતિ માં અનિકેતજી - નયના શર્મા દ્વારા ફિલ્મ હમ દિલ દે ચુકે સનમનું અલબેલા સજન આયો રે..... માસ્ટર સ્ટ્રોક બની રહયું.

ખુબ સંતોષ અને આનંદની લાગણી અનુભવતા પ્રેક્ષકગણે આ વખતે શિવરંજનીના ફિલ્મી ગીત - નૃત્યના પ્રયોગને પણ બીરદાવ્યો.

અમદાવાદની સરગમ નૃત્ય એકેડમી દ્વારા સુંદર કલાસીકલ નૃત્યોની મોહક પ્રસ્તુતિ મનને મોહી લેનાર બની રહી. અલબેલા સજન આયો રે, મધુબન મેં રાધિકા નાચે રે, કીસના ફિલ્મનું ગીત વો કીસના હૈ... જેવાં ગીતો પર સુંદર ડાન્સની પ્રસ્તુતિને પ્રેક્ષકોએ બીરદાવી કાર્યક્રમની સંચાલિકા પરીશી વર્માના સૌમ્ય અને મજબુત સંચાલને કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા.

શિવરંજની પરિવારને ખુબ - ખુબ અભિનંદન. આગામી વર્ષ વધુ સારા કાર્યક્રમોની અપેક્ષા સાથે શુભેચ્છા.

- મમતા રાવલ